Downloaded-From:http://www.cbseportal.com

# સંકલિત પરિક્ષા-II
## SUMMATIVE ASSESSMENT- I
## ગુજરાત
## GUJARATI

| | |
|---|---|
| સમય સીમા: ૩ કલાક | કુલ અંક: 90 |
| Time allowed:3 hours | Maximum Marks: 90 |

General Instructions:

(i) The question paper is divided into four sections:

| | |
|---|---|
| Section A- Reading Comprehension | 15 |
| Section B- Writing | 10 |
| Section C- Grammar | 20 |
| Section D- Literature (text book) | 45 |
| Total Marks | 90 |

ii) Marks are indicated against each question.

iii) All question are compulsory.

## SECTION A- Reading Comprehension

1.(A) નીચે આપેલ ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલ વિક્લ્પોમાંથી સાચો ઉત્તર લખો: 5

મોંઘવારી વધતીજાય છે તેમ તેમ નીતિ, પ્રામાણિકતા, સાદાઇ, નિષ્ઠા વગેરે જીવનનાં મૂલ્યો ઘસાતા જાય છે.ગૃહ્સ્થાશ્રમી માણસ કોઇ પણ રીતે બે છેડા ભેગા કરવામાં ફાવતો નથી. રાજકારણીઓ, અમલદારો,વેપારીઓ અને ઉધોગપત્તિઓને એ તાગડ ધિન્ના કરતો જુએ છે અને તેના વિવેકની સરવાણી સુકાય જાય છે.તે ભ્રષ્ટાચારી બનવા લલચાય છે. ઋષિમુનિઓના સાદા અને પવિત્ર જીવનની વાતોમાં એને રસ નથી. બુધ્ધ,મહાવીર અને ગાંધીજીના ઉચ્ચ આદર્શોમાં એને હવે શ્રધ્ધા નથી, સમાજનો દરેક વર્ગ આજે ગમે તે પ્રકારે પૈસા કમાવવા માટે સંકોચ અનુભવતો નથી. સાદું જીવન અને ઉન્નત વિચારની આજે હાંસી ઉડાવાય છે. શિક્ષણમાં મૂલ્યના પાઠ ઉમેરવાની વાતો ચાલે છે પરંતુ માત્ર પોપટિયા પાઠ ભણાવવાથી કશું વળવાનું નથી. અધમણ વાત કરતાં અધોળ આચરણની વધુ અસર પડે છે, અને એવું આચરણ જીવનના કોઇ સ્તરે આપણા દેશમાં દેખાતું નથી, સ્વરાજના પાંચ દાયકાના ગાળામાં સામાન્ય જનની હાલતમાં કશો નોંધપાત્ર સુધારો થયો નથી.

પ્રશ્નો

1 કોણ કોઇ પણ બે રીતે છેડા ભેગા કરવામાં ફાવતા નથી?

(અ) વેપારીઓ

(બ) પૈસાદારો

(ક) રાજકારણીઓ

(ડ) ગૃહસ્થાશ્રમીઓ

Downloaded-From:http://www.cbseportal.com

Downloaded-From:http://www.cbseportal.com

2 શિક્ષણમાં શું ઉમેરવાની વાતો ચાલેછે?
(અ) સારાપાઠો
(બ) મૂલ્યના પાઠો
(ક) પોપટિયા પાઠ
(ડ) વધારે પાઠ
3 સમાજનો દરેક વર્ગ શું કરવા સંકોચ અનુભવતો નથી?
(અ) ખોટુ બોલવા માટે
(બ) ભ્રષ્ટા ચાર કરવા
(ક) ચોરી કરવા
(ડ) ગમેતે પ્રકારે પૈસા કમાવવા માટે
4 આજે શેની હાંસી ઉડાવાય છે?
(અ) શિક્ષણની
(બ) સાદુ જીવન ઉન્નત વિચારની
(ક) પૈસાદારોની
(ડ) લોકોની
5 અધમણ વાત કરતાં શેની વધુ અસર પડે છે?
(અ) લોકોની વાત
(બ) વધારે વાત
(ક) અઘોળ આચરણની
(ડ) થોડી વાત

પ્રશ્ન:1(B)નીચેનો ગદ્યખંડ વાંચી નીચે આપેલ પ્રશ્નોનાં જવાબયોગ્ય વિકલ્પ દ્વારા આપો: 5

મરણ વિસામો છે, છેડૉ નથી, માનવીની જીવનયાત્રા મરણ જોડૅ પૂરી થતી નથી કાળ કાળાંતરો વચ્ચે જુગ જુગથી માણસ પોતાની વાટે ચાલી રહ્યો છે. માણસ મરે છે સંસ્થાઓ. સંઘો, પ્રજાઓ મરેછે.ધર્મો, સંપ્રદાયો કે વિચારધારાઓનાં જોમ ઝનૂન ઓસરી જાય છે,છતા એ બધા સંસારમાંથી નિશેષ પણ લુપ્ત થતા નથી એક કે બીજા રૂપે પોતાની અમીટ છાપ, પોતાના જીવન અને જહેમતનાં શેષ પોતાની પાછળ મૂકતા જાય છે. કારણકે તમામના હાડભીતર કોઇ ને કોઇ એક એવું ચિરંતન તત્વ પડેલું છે, જે મરતુ નથી દેહરૂપે મરવા છ્તાં પ્રજાતંતુરૂપે પોતાના વંશવેલાને કાયમ રાખી, મરીને જીવવાની જે પ્રેરણા કુદરતે આખી જીવ સૃષ્ટિમાં મૂકી છે તેનો માર્યો માણસ સ્મૃતિ, ઇતિહાસ પરંપરા કે એવા જ કોઇ ને કોઇ રૂપે અવશિષ્ટ રહે છે.

પ્રશ્નો

1 કુદરતે કઇ પ્રેરણા આખી જીવસૃષ્ટિમાં મૂકી છે?
(અ) જીવીને મરવાની
(બ) મરીને જીવવાની
(ક) બીજાને મારીને
(ડ) શરીર રૂપી જીવીને

Downloaded-From:http://www.cbseportal.com

Downloaded-From:http://www.cbseportal.com

2 મરણ જોડે શું પૂરુ થતું નથી?
(અ) માનવીની જીવન યાત્રા
(બ) માનવીની તીર્થ યાત્રા
(ક) માનવીની સંસાર યાત્રા
(ડ) માનવીની મરણ યાત્રા
3 કયુ તત્ત્વ મરતું નથી?
(અ) સ્મૃતિ તત્વ
(બ) ચિરંતનતત્વ
(ક) સંસાર
(ડ) મરણ
4 માણસ સ્મૃતિ, ઈતિહાસ, પરંપરા કે એવા કોઈ રૂપે કેવો રહે છે?
(અ) અવશિષ્ટ
(બ) યાદો
(ક) સ્મૃતિ
(ડ) તંતુ
5 શું છેડો નથી?
(અ) જીવન
(બ) મરણ
(ક) આરામ
(ડ) સંપ્રદાય

(C) નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધી ને લખો: 5

ઑંચિતુ કોઈ મને રસ્તે
ને કદિ ધીરેથી પૂછે કે કેમ છે?
આપણે તો કહીએ કે દરિયાશી મોજમાં
ને ઉપરથી કુદરતની રહેમ છે.
ફાટેલાં ખિસ્સાની આડમાં મૂકી છે અમે
છલકાતી મલકાતી મોજ
એકલો ઊભું ને તોય મેળામાં હોઉ એવું
લાગ્યા કરે છે મને રોજ
તાળું વસાય નહીં એવડિ પટારીમાં
આપણો ખજાનો હેમખેમ છે
આંખોમાં પાણી તો આવે ને જાય
નથી ભીતર ભીનાશ થતી ઓછી
વધ-ઘટનો કાંઠાઓ રાખે હિસાબ
નથી પરવા સમંદરને હોતી
સૂરજ ઊગેને આથમીયે જાય
મારી ઉપર આકાશ એમનમ છે....આપણે કહીએ કે.

Downloaded-From:http://www.cbseportal.com

Downloaded-From:http://www.cbseportal.com

પ્રશ્નો

1 કવિને કોની રહેમ છે?

(અ) કુદરતની

(બ) દરિયાની

(ક) માણસની

(ડ) સંસારની

2 કવિએ મોજને કયાં મૂકી છે?

(અ) ઘરમાં

(બ) દરિયામાં

(ક) ફાટેલાખિસ્સાની આડમાં

(ડ) ખિસ્સામાં

3 આપણો ખજાનો એંટલે શું?

(અ) મોજ આનંદરૂપી સંપત્તિ

(બ) ધનરૂપી સંપત્તિ

(ક) જીવન રૂપી સંપત્તિ

(ડ) ખૂબજ પૈસાની સંપત્તિ

4 વધઘટનો હિસાબ કોણ રાખે છે?

(અ) સમુદ્ર

(બ) કાંઠાઓ

(ક) સૂરજ

(ડ) માણસ

5 કવિને એકલા ઊભા હોય ત્યારે શું લાગેછે?

(અ) બધાની વચ્ચે ઊભા હોય

(બ) સમુદ્રની પાસે ઊભા હોય

(ક) મૅળામાં હોય તેમ

(ડ) માણસની પાસે હોય તેમ

## SECTION B- Writing

પ્રશ્ન:2 (A) પુસ્તક પરમ મિત્ર એ વિશે આશરે ૧૫–૨૦ વાકયમાં પરિચ્છેદ લખો. 5

(B) તમારા મિત્રને વાર્તાસ્પર્ધાલેખનમાં પ્રથમ ઇનામ મળ્યું તેને અભિનંદન આપતો પત્ર લખો. 5

અથવા

મહેસાણામાં આવેલી દૂધસગર ડેરી ની મુલાકાત માટેની મંજૂરી માંગતો પત્ર ડેરીના મેનેજિંગડિરેકટરને ઉદ્દેશીને લખો.

Downloaded-From:http://www.cbseportal.com

Downloaded-From:http://www.cbseportal.com

## SECTION C Grammar

પ્રશ્ન: 3(A) સૂચના પ્રમાણે વાક્ય પરિવર્તન કરો. 3

(1) તે બરાબર ભણતો નથી. (હકાર વાક્ય બનાવો.)

(2) આ કામ તમારે પૂછ્યા વિના કરવું નિષેધ વાક્ય બનાવો.)

(3) ચિરાયુની કાયા જુવાન રહેશે નહી. (હકાર વાક્ય બનાવો.)

(B) સૂચના પ્રમાણે વાક્ય પરિવર્તન કરો. 3

(1) બે વાંસ ઉપર કોયલ બેઠી હતી. (પ્રશ્નાર્થ વાક્ય બનાવો.)

(2) ઈશ્વરની દુનિયા અચરજથી ભરેલી છે. (ઉદગાર વાકય બનાવો)

(3) શું તેનું રૂપ. (ઉદગાર વાકય બનાવો)

(C) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાકય બનાવો: 3

(1) જીભકરડીને મરી જવું.

(2) પેટનાં નાળા ભરાય જવાં.

(3) જીવની જેમ જાળવવું

(D) નીચેની કહેવતોનો અર્થ લખો. 3

(1) પારકી આશ સદા નિરાશ

(2) સંતોષી નર સદા સુખી

(3) કોલસાની દલાલીમાં હાથ કાળા.

(E) નીચેના વાક્યો સુધારી ને લખો. 3

(1) આજે આખું વર્ષ વહેલા ઊઠવા છે.

(2) આવો મોહ શું કામ રાખવું!

(3) બિમારમાણસે મગજ ખાવાં જોઈએ.

(E) નીચેના શબ્દોની સંધિવિગ્રહ કરો. 3

(1) નિજાનંદ

(2) તલ્લીન

(3) પુસ્તકાલય

(F) નીચેના શબ્દ સમૂહો માટે એક શબ્દ લખો. 2

(1) વહેતા પાણીમાંથતું કુંડાળું.

(2) શણ નો મૉટો થેલો

Downloaded-From:http://www.cbseportal.com

Downloaded-From:http://www.cbseportal.com

(B) નીચે આપેલ ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલ પ્રશ્નોનાં સાચો ઉત્તર લખો: 5

દિવસ અને રાત જતાં હતાં.દિવસભરના શોક્સંતાપ દક્ષા મનમાં સમાવતી હતી, તો કોકની નજર, કોકના ઈશાર સહુની નુક્તેચીની પેલા બે વેતના આકાશનાં રેજા પાસે મૂંગેમૂંગા કરવાની રમણની આદતહતી.ત્યાંએક દિવસ રમણે પડખેના છાપરા પર બે ઊભા વાંસ દીઠા કાળાતારનો ટુકડો એ વાંસની ટોચ વચ્ચે બંધાયેલો ઝૂલતો હતો. પડોશીએ રેડિઓ લીધો હશે તેનું એરિયલ બાંધ્યું હતુ કયાંય લગી આકાશની ખુલ્લી છાતી પર ભાલા મારતા હોય તેવા બે વાંસને અને એ બે વાંસ વચ્ચે ઝૂલતા કાળા તારને જોઇ રહ્યો. ન સમજાયું મનમાં શેની ગ્લાનિ હતી. નકળાયું શેની બેચેની પરેશાની કરતી હતી, પણ ન કળાય તેવી વેદના એને આકુળવ્યાકુળ કરી રહી હતી. દક્ષાએ રમણનું મો જોયું ત્યારથી જ એને સમજાઇ ગયું પોતાને પણ નસમજાય તેવી મૂંઝવણ થતી. પણ રમણને બને તો મલકાવવા જ એ બોલી લ્યો હવે ભજન અને ગીત પણ સાંભળવા મળશે.

પ્રશ્નો:

(1) વાંસની વચ્ચે શુંઝૂલતું હતું?
(2) રમણને શેની આદત હતી?
(3) આકુળવ્યાકુળ શબ્દનો રૂઢિ પ્રયોગ સમજાવો.
(4) દક્ષા રમણને મલકાવવા શું બોલી?
(5) રમણ શું જોઇ પરેશાન થઇ ગયો?

પ્રશ્ન:4 (B) નીચેના વિધાનો નાં કારણો આપો. (કોઇ પણ બે) 4

(1) પરવાળાનો પથ્થર ધન્ય બની ગયો.
(2) નાનાભાઇનું પંડિતાઇનું અભિમાન ઓગળી ગયું.
(3) પ્રભાશંકરથી એકાએક પૂછાઇ ગયું શું છે હસમુખની માં.

પ્રશ્ન:4 (C) એકજ વાક્ય માં જવાબ આપો. (કોઈપણ પાંચ) 5

(1) આભલાનો ટુકડો પાઠના લેખક નું નામ લખો.
(2) લિયોનાર્દો દ વિન્ચીએ ચિત્ર કઇ સદીમાં દોર્યું હતુ?
(3) સિધ્ધપુરુષે રાજારાણીની ઇચ્છા પૂરી કરવા શું આપ્યું?
(4) લેખકે કઇ પંચપટરાણીની વાત કરીછે?
(5) ગૌરીશંકરે લેખકને મજાકમાં શું કહ્યું?
(6) કિંમતી ભેટોમાં કસ્તૂરબા માટે શું હતુ?

પ્રશ્ન:4 (D)ટૂંક માં જવાબ આપો (કોઇ પણ બે) 6

(1) છેવટે ગાંધીજીએ ભેંટ સંદર્ભે શો નિર્ણય લીધો?
(2) સંસ્થામાંહોય ત્યારે તેમનો ક્રમ કેવો હતો?
(3) લેખકના કામના ઉત્સાહને ઝુંબેશ માની પત્નીએ તેને વધાવતા શું કામ કર્યું?

Downloaded-From:http://www.cbseportal.com

Downloaded-From:http://www.cbseportal.com

પ્રશ્ન:4 (E) નીચેનામાંથી કોઇ પણ એક નો સવિસ્તાર જવાબ લખો. 4

(1) લેખકે રવિવારનો કઇ રીતે ઉપયોગ કર્યો? સવિસ્તાર લખો.

(2) પ્રભાશંકરે મનુને કઇ વાર્તા કહી? એંવાર્તાનો પ્રભાશંકર ના જીવન સાથે શો સંબંધ છે?

(3) ભેંટ સંદર્ભે ગાંધીજીનું મનોમંથન વર્ણવો.

પ્રશ્ન:5 (A) નીચે આપેલ કાવ્ય વાંચી નીચે આપેલ પ્રશ્નો નાં જવાબ આપો. 5

સરકી જાયે પલ....
કાળ તણું જાણે કે એ તો વરસે ઝરમર જલ !
નહી વર્ષામાં પૂર,
નહી એ ગ્રીષ્મ મહીં શોષાય,
કોઈના સંગનિ:સંગની એને
કશી અસર નવ થાય,
ઝાલો ત્યાં તો છટકે એવી નાજુક ને ચંચલ !
છલક છલક છલકાય
છતાં યે કદી શકી નવ ઢળી,
વૃન્દાવનમા,
વળી કોઈને કુરુક્ષેત્રમાં મળી,
જાય તેડી પોઢેલાંને યે નવે લોક, નવ સ્થલ !

પ્રશ્નો:

(1) સમયનો નાનામા નાનો એકમ કયો?

(2) સમયને શેની અસર થતી નથી?

(3) વૃંદાવન ને કુરુક્ષેત્ર દ્વારા કવિ સમય વિશે શું કહે છે?

(4) સમય ચિરનિદ્રામાં પોઢેલાને કયાં લઈ જાય છે?

(5) સમય ને પકડવાં જઈએ શું થાય છે?

(B) નીચેની કાવ્યપંક્તિઓ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. 4

(1) ધમાલ ન કરો -જરાય નહી  નેન ભીનાં થશો,-
ઘડી બ ઘડી જે મળી,- નયનવારિ થંભો જરા,-
કૃતાર્થ થઇ લો, ફરી નહી મળે જ સૌંદર્ય આ,
સદા જગત જે વડે હતું હસન્તું માંગલ્ય કો !

પ્રશ્નો:

(i) કવિ આંખોને સંબોધી શું કહે છે?

(ii) કવિ આંસુ ને કેમ થોભી જવા કહે છે?

Downloaded-From:http://www.cbseportal.com

Downloaded-From:http://www.cbseportal.com

(2) કજ્જલ તજે ન શ્યામતા, મુકતા તજે ન શ્વેત:

દુર્જન તજે ન કુટિલતા, સજ્જન તજે ન હેત.

પ્રશ્નૉ:

(i) કાજળ શું ત્યજતું નથી?

(ii) હેત-પ્રેમને કોણ છોડતું નથી?

(c) નીચેનામાંથી કોઇ પણ ત્રણ પ્રશ્નોના બે ત્રણ વાક્યોમાં જવાબ લખો. 6

(1) અબ લગ કંકર એક ન લાગ્યો ગયા ભાગ્ય મુજ ફુટી પંક્તિ કઇ ઘટનાનો નિર્દેશ કરે છે?

(2) આવ્યો છુતો કાવ્યમાં કવિએ વર્ણવેલી માનવજીવનની સફળતા નિરૂપો.

(3) કવિને અંતિમઉપાય તરીકે જંતુનાશક દવા બનવાની ઈચ્છા કેમ થાય છે?

(4) એ લોકો કાવ્યમાં આલેખાયેલી શોષિત વર્ગની કરુણતા તમારા શબ્દોમાં આલેખો.

(D) નીચેનામાંથી કોઇ પણ છ પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. 6

(1) વમળકૃષ્ણ નથી એ વાત કઇ રીતે સ્મરે છે?

(2) શાનાં વિના બધું જૂઠૂ હોઇ છે?

(3) પાવાના ઊંડા સૂરમાં કવિશુ અનુભવવા કહે છે?

(4) એ લોકો કાવ્ય ના કવિ અને પ્રકાર લખો.

(5) વ્યક્તિનું મૂલ્ય શાનાથી ન આંકી શકાય?

(6) કવિ મૃત પત્નીના સૌંદર્યને કેવું રાખવા કહે છે?

(7) કાદવમાં કોણ ઊગે છે?

Downloaded-From:http://www.cbseportal.com